

# ભેંસ મુબારક

**ગપ્પીદાસનાં ગપ તો એવાં, જેનો ન મળે પારજી;**
**ફટાકડો જ્યાં ના ફૂટે, ત્યાં તોપોનો ધમકારજી.**

એક સમયની વાત છે.

બીબી બેઠાં રોટલા બનાવે છે.

મિયાં ફુસકી જમવા બેઠા છે.

બાજરીનો રોટલો ભાણામાં આવ્યો. ગરમ ગરમ રોટલાની મીઠી વાસ આવી.

મિયાં બોલ્યા : “ખુદાતાલાએ બાજરીનો રોટલો આપ્યો, પણ લુખ્ખો આપ્યો.”

બીબી કહે : “કાં?”

મિયાં બોલ્યા : “એક ભેંસ આપી હોત તો છાશ બનાવત અને રગડા જેવી તાજી છાશ સાથે બાજરીનો રોટલો ખાત તો આહાહા હા! એવી મીઠાશ આવત કે વાહ ભાઈ વાહ.”

બીબી હસી પડ્યાં.

મિયાં ચિડાયા અને બોલ્યા : “કેમ હસો છો?”



બીબી કહે : "હસવાની જ વાત કરો છો એટલે. એક બાંડી બકરી તો રાખી નથી અને ભેંસની વાત કરો છો."

મિયાં બોલ્યા : "અમારા ખુદા ચાહશે તો બકરીને બદલે ભેંસ પણ આપી દેશે."

બીબી કહે : "ખુદા એવા ગાંડા નથી કે તમને ભેંસ આપે."

મિયાં કહે : "અને આપે તો?"

બીબી કહે : "તો તમે સાચા."

મિયાં કહે : "ના કેમ આપે? તભા ભટ કહે છે કે ખુદાના બંદાને બધું મળી જાય."

આમ મિયાં ફુસકી ભેંસની વાતોમાં લડી પડ્યા. જમીને ગયા તભા ભટ પાસે. કહે કે જુઓ જોષ.

ભટજી કહે : "શાના?"

મિયાં કહે : "ભેંસ ક્યારે મળશે?"

ભટજી હસ્યા. મિયાં ફુસકીને ચડી રીસ. ઊભા થયા અને ભાગ્યા. ગયા ઠાકોર પાસે.

ઠાકોર કહે : "કાં?"

મિયાં કહે : "એક ભેંસ જોઈએ."

ઠાકોર કહે : "મિયાં, બે-ચાર બકરીઓ રાખો, પણ ભેંસ રહેવા દો. ઉપાધિ થઈ પડશે."

મિયાં કહે : "ભલે ઉપાધિ થાય પણ અમારે ભેંસ જ જોઈએ."

ઠાકોરને ત્યાં દસ-વીસ ભેંસો હતી. એક ભેંસ મિયાંને આપી દીધી.



હસતા અને મલકતા મિયાં ચાલ્યા. ભેંસ હાંકીને ઘરે ગયા.

બીબી નવાઈ પામી ગયાં.

બીબી પૂછે છે : "કોની આ ભેંસ લઈ આવ્યા?"

મિયાં હસીને બોલ્યા : "અમારા ખુદાએ ભેંસ આપી દીધી."

બીબી કહે : "પણ તમે લીધી શીદ?"

મિયાં કહે : "ખુદા અપાવે તો લાવવી જ પડે."

બીબી બોલ્યા : "એને બાંધશે કોણ અને છોડશે કોણ?"

મિયાં બોલ્યા : "અમે."


બીબી કહે : "અને એનું દૂધ દોશે કોણ?"

મિયાંએ છાતી ફુલાવી અને કહ્યું : "આ બંદા."

બીબી કહે : "છાણ કોણ સાફ કરશે?"

મિયાં રીસ કરીને બોલ્યા : "બક બક શું કરો છો? બધું અમે કરીશું. ખુદાએ માગતાંની સાથે આવડી મોટી ભેંસ કાઢી આપી તો હવે છાણ ને બાણ, દોવું ને ફોવું એ બધું અમે જ કરીશું. હા, અમે સિપાઈબચ્ચા!"

ઠીક ભાઈ, બીબી ચૂપ થઈ ગયાં. પછી તો મિયાં ફુસકીને એક પળની નવરાશ મળતી નથી. સવાર થાય કે છાશ કરવા ઊઠવાનું. એ પૂરું થાય કે ભેંસ દોવા બેસવાનું. એ પૂરું થાય કે ભેંસને પાણી પાવાનું. એ પૂરું થાય કે ઘાસ ખાવા આપવું પડે. સાંજ થાય કે ઘાસ લાવવાનું અને ભેંસને



પાણી પાવા તળાવે લઈ જવાની. ભારે ઉપાધિ થઈ પડી.

બીબી કહે : “ભેંસ પાછી આપી દો. આપણે આવી ઉપાધિ નથી કરવી. તમારાથી ભેંસ નહીં સચવાય.”

મિયાં બોલ્યા : “ના કેમ સચવાય? અમે કોણ?”

બીબી કહે : “મૂરખા.”

મિયાં ચૂપ. ના બોલે કે ચાલે. મનમાં પૂરેપૂરા કંટાળી ગયા છે.


એક દિવસની વાત.

સાંજનો સમય.

ભેંસ હાંકીને મિયાં તળાવે ગયા.

ભેંસ પાણીમાં પડી. મિયાં હાંકે પણ ભેંસ બહાર નીકળે નહીં. મિયાં બૂમો પાડીને થાક્યા. હાશ કહીને મિયાં બેઠા. ત્યાં કંઈ જોયું. તળાવની સામે પાળ પર.

મિયાં ઊભા થઈ ગયા. સામે દૂર તળાવનો ઊંચો કિનારો છે. એના ઢોળાવ પરથી કોઈ ઊતરતું દેખાયું. મિયાં ફુસકીને ભારે નવાઈ લાગી. માથા ઉપર મોટા ગોળા જેવી પાઘડી દેખાઈ. મિયાંએ નેણ પર હાથનું છજું કર્યું. ઝીણી આંખ કરીને જોયું તો મોં મલકતું થઈ ગયું.



હવે એ ગોળા જેવડી મોટી પાઘડી સાફ દેખાઈ. હા, હવે ઓળખાણ પડી. મિયાં થનગની ઊઠ્યા. પોતાના જૂના ભાઈબંધ આવી પહોંચ્યા હતા. નજીક આવી ગયા કે મિયાં દોડ્યા, ભાઈબંધને બાથમાં લઈ લીધા. હેતથી મળ્યા અને મિયાં બોલ્યા : “અરે! ગપ્પીદાસ, તમે ક્યાંથી?”

એ હતા જૂના ને જાણીતા ગપ્પીદાસ.

ગપ્પીદાસ બોલ્યા : “હા, અમે જાતે ને પોતે ગપ્પીદાસ છીએ. ઘણા દિવસે

તમને મળવાનું મન થયું. વિચાર કર્યો કે આપણા ભાઈબંધ મિયાં ફુસકીને મળીએ. એટલે આવી પહોંચ્યા."

પછી ગપ્પીદાસે મિયાંને પૂછ્યું : "મજામાં છો ને? શું કરે છે અમુબેન? ખુદાની મહેર છે ને?"

ખુદાનું નામ લીધું કે મિયાંને ગુસ્સો ચડી ગયો.

મિયાં બોલ્યા : "ખુદાતાલાએ અમારી રેવડી કરી નાખી છે. નામ ના લેશો એમનું."

ગપ્પીદાસ કહે : "કાં?"

મિયાં બોલ્યા : "જોઈ આ ભેંસ મુબારક?"


ગપ્પીદાસ કહે : "ક્યાં છે?"

ગપ્પીદાસ હસી પડ્યા.

મિયાં બોલ્યા : "હસવાની વાત નથી. જુઓ, આ તળાવમાં મોજથી પડી છે."

ગપ્પીદાસે તળાવમાં ભેંસને જોઈ.

ગપ્પીદાસ કહે : "ઘણી સરસ ભેંસ છે, પણ તમે આવા દૂબળા કેમ થઈ ગયા? ભેંસનું દૂધ, માખણ અને ઘી ખાઈને પાડા જેવા થવું જોઈએ."



મિયાં બોલ્યા : "એ દૂધ અને ઘીને મારો ગોળી. ખુદાતાલાએ આ ભેંસ મોકલી દીધી અને અમારા માથે ઉપાધિનાં પોટલાં મૂકી દીધાં છે. હવે ઝટ ચાલો. મોડું થશે તો બીબી ગુસ્સો કરશે."

મોજથી ઘરે ગયા. બીબી રાજી થયાં. ગપ્પીદાસની પાઘડી જોઈને બીબીને હસવું આવી ગયું. જેમ તેમ હસવું દબાવીને બીબી ઘરમાં ગયાં. રાત પડી. જમ્યા અને ખાટલા ઢાળ્યા. બન્ને મિત્રો વાતે બેઠા.

મિયાં કહે : “મજાની વાત કહો ગપ્પીદાસ.”

ગપ મારવાનું મળે તો ગપ્પીદાસને મજા થઈ જાય.

ગપ્પીદાસે પાર વિનાનાં ગપ્પાં હાંક્યાં. તાનમાં ને તાનમાં ગપ્પીદાસ બોલ્યા : “મિયાં, આ બધાં તો ગપ, પણ હવે સાચેસાચી વાત કહું છું. ખરેખરી વાત છે, હોં! ગપ જરાય નથી.”

મિયાં કહે : “એ હોં! તમતમારે કહો ને. અમારા કાન ઉઘાડા જ છે. તમે ગપ મારો તોય સમજીએ અને સાચું કહો તોય સમજીએ. અમે કોણ? અમે સિપાઈબચ્ચા!”

ગપ્પીદાસે ખોંખારો ખાધો.


ગપ્પીદાસ બોલ્યા : મારા જિગરજાન દોસ્ત ફુસકીજી! એક વાર અમારો ભાઈબંધ જમાલ આફ્રિકાના દેશ ઝાંઝીબારથી આવ્યો. પાછો જવા માંડ્યો ત્યારે અમનેય કહે કે સાથે ચાલો, તમને આફ્રિકાની મોજ કરાવું.

અમારા ભાઈબંધનો મોટો વેપાર ચાલતો હતો. અમે બે ખાસ ભાઈબંધ હતા. જમાલે કહ્યું કે ભાઈ ગપ્પીદાસ, એક વાર ઝાંઝીબાર આવો. અમે ઊપડ્યા. એવામાં બન્યું એવું કે દરિયામાં તોફાન જાગી પડ્યું. પહાડ પહાડ જેવાં મોજાં ઊછળવા લાગ્યાં. સ્ટીમર નમી પડી. એમાં બન્યું એવું કે જમાલ અને હું બે જ સ્ટીમરની બહાર ઊથલી પડ્યા...”

ખડ ખડ ખડ કરતાં મિયાં હસી પડ્યા અને બોલ્યા : “જો, માર્યું ને ગપ?”

ગપ્પીદાસ કહે : “ના ભાઈ ના, આ ગપ નથી. અમે પહેલેથી જ કહ્યું છે કે આ સાચી વાત છે.”

મિયાં કહે : “એમ? તો નક્કી તમે એ વાત ક્યાંકથી સાંભળી હશે. તો હાંકો આગળ.”



માથું ખંજવાળીને ગપ્પીદાસ બોલ્યા : “જોયું! મોટી મોકાણ જ આ છે. અમે

સાચી વાત કરીએ છીએ ત્યારે આગલી વાત જ ભૂલી જઈએ. ગપ હાંકવાનું હોય તો એક અક્ષર પણ ભૂલીએ નહીં. હેં... અમે શું કહેતા હતા?"

મિયાં બોલ્યા : "દોસ્ત, આપ કહેતા હતા કે જમાલ અને તમે દરિયામાં ઊથલી પડ્યા."

ગપ્પીદાસ કહે : "હં..હં.. બરાબર. ખુદાએ આપેલી મુબારક ભેંસનું દૂધ તમે પીઓ છો એટલે તમારી યાદશક્તિ સારી થઈ ગઈ છે. અમારે મફતનું ખાવાનું અને મસીદે સૂવાનું એટલે ખાવાનું બધું બનાવટી મળે. એમાં મગજનું પાણી થઈ જાય. ઠીક. અમે તો દરિયામાં પડ્યા એવા જ ડૂબકી મારી ગયા. એક મોજું આવ્યું ને અમને દસ ગાઉ દૂર ઘસડી ગયું."

મિયાં તાલી પાડીને બોલ્યા : "બાપ રે બાપ! મિત્ર, આ દસ ગાઉ લાંબું ગપ નથી ને?"

ગપ્પીદાસ કહે : "ના રે મિત્ર, દરિયામાં દસ ગાઉ ખેંચાઈ જવાય એમાં જરાય ખોટી વાત નથી. પછી અમે તો વિખૂટા પડી ગયા. હું ગયો આમ અને જમાલ ગયો બીજી બાજુ. આપણે તો ભગવાનનું નામ લીધું. ત્યાં અચાનક એક હોડકું જોયું. જીવમાં જીવ આવ્યો. જોરથી હાથ ને પગ હિલોળતા અમે હોડકા નજીક પહોંચ્યા. સાથે જ ઉપર ચડી બેઠા. ભારે નવાઈની વાત કે જમાલ પણ એમાં બેઠો હતો. મછવામાં ખાવા-પીવાનું તૈયાર છે. પીવાનું પાણી પણ કુંજામાં ભરેલું છે."



મિયાં બોલ્યા : "એમ જ હોય છે દોસ્ત. ખુદા જબ દેતા હે તો છપ્પર ફાડકે દેતા હે. અમે ભેંસ માગી કે તરત આપી દીધી, પણ..." પણ વાતના તાનમાં ગપ્પીદાસે એ સાંભળ્યું નહીં.

ગપ્પીદાસ બોલ્યા : "અમે તો થોડું થોડું ખાઈને ઘણા દિવસ કાઢ્યા. પણ નહીં કિનારો દેખાય કે નહીં ઝાડનું પાન દેખાય. પછી તો ખાવાનું ખૂટવા લાગ્યું. પીવાના પાણીનું તળિયું દેખાવા લાગ્યું. પછી તો ઉપાધિ થઈ. ભૂખે મરીએ છીએ ને જવાય ત્યાં જઈએ છીએ."

ગપ્પીદાસ ગળગળા થઈ ગયા. આંખમાં આંસુ આવી ગયાં અને બોલ્યાઃ "મિત્ર! ભૂખ ભારે ભૂંડી છે. એ ભૂખની વાત સાંભરે છે કે મારી આંખમાં આંસુ આવી જાય છે. ભૂખ લાગે ત્યારે માણસ શું ન કરે એ કહેવાય નહીં. અમને એ ભૂંડી વાતે હેવાન બનાવ્યા. મિત્ર! વાત કહેતાં અતિ દુઃખ થાય છે. મન બોલવાની ના કહે છે તોય કહીએ છીએ. અમે કહીએ છીએને કે અમે બન્યા હેવાન. અમે વિચાર કર્યો કે આ જમાલ દોસ્ત સાથે ન હોય તો ખાવાનું બચે ને પાણીયે બચે. તેના ભાગનું ખાવાનું બચે તો વધારે દહાડા ગબડે અને એટલા જ સમયમાં કિનારો મળી જાય. ભૂખથી જીવ બચાવવો હોય ત્યારે માણસ જરાય શરમ નથી રાખતો. મિયાંજી! અમે હેવાન બન્યા. અમે જમાલનું કાટલું કાઢવાનો વિચાર કર્યો. જમાલ તો અધમૂવો હતો જ. એટલે અમે ખિસ્સામાંથી કાઢ્યો છરો!"

જીભ કાઢીને મિયાં બોલ્યા : "અરરરર!"

ગપ્પીદાસ કહે : "હા ભાઈ, અરરર કરો એવી જ વાત છે. અમે તો છરો કાઢ્યો અને જમાલની છાતીમાં ઘોંચી દીધો. જમાલના મડદાને ફેંકી દીધું દરિયામાં."

ગપ્પીદાસ હજી તો વાતના રસમાં છે. ત્યાં તો મિયાં ફુસકી દોડ્યા. મિયાંની આંખો લાલઘૂમ બની ગઈ. જેવા ગયા એવા જ પાછા દોડી આવ્યા. હાથમાં તલવાર લીધી છે. દાંત કચકચાવે છે અને હોઠ પીસીને કહે છેઃ "ઓ ગપ્પીના દાસ, હવે તો તમારું માથું કાપી નાખું."

ગપ્પીદાસ ગબડી પડ્યા. એક પગ ઊંચો રહી ગયો. બીજા હાથે જાણે ઢાલ કરતા હોય એમ હલાવતાં હલાવતાં બોલ્યા : "પણ ભાઈ... આગળની વાત તો સાંભળો."

મિયાં હોઠ પીસી બોલ્યા : "પણ ને બણ, ભઈ ને ફઈ. તમારી હવે ખેર નથી. આવા કાફરના ધંધા કરનારાને અમે જીવતો ના છોડીએ. હા, અમે કોણ?"



ગપ્પીદાસ હાયવોય કરવા લાગ્યા.

બીબી દોડી આવ્યાં. મિયાં ફુસકીનો હાથ પકડી લીધો.

ગપ્પીદાસ બૂમ પાડીને બોલ્યા : “પણ અમે તો આ ગપ મારીએ છીએ. આ સાચી વાત નથી.”

મિયાં બોલ્યા : “અમે ગપ માનીએ એવા ભોળા નથી. ખૂનનો બદલો ખૂન. અમારા વહાલા ભાઈ જમાલને મારનાર તમને અમે જીવતા છોડીએ તો અમે સિપાઈબચ્ચા શાના?”

આમ કહીને મિયાંએ તલવાર ઊંચી કરી, પણ બીબીએ હાથ પકડી લીધો.

બીબી કહે : “છે શું?”

કોઈ ડાઘિયો કૂતરો કરડવા આવે તો નબળું કૂતરું ચત્તુંપાટ સૂઈ જાય છે, પગ ઊંચા રહે છે એમ ગપ્પીદાસ પડ્યા હતા.

મિયાં બોલ્યા : “આપણા જમાલ મિયાં ખરા ને? તેઓ આફ્રિકા જતા હતા ને?”

બીબી કહે : “હા.”

મિયાં કહે : “તેને કોઈએ છરો ભોંકીને દરિયામાં ફેંકી દીધા હતા ને?”


બીબી કહે : “હા.”



મિયાં કહે : “તેને છરો ભોંકનાર અને દરિયામાં ફેંકનારનો પત્તો નહોતો લાગ્યો ને?”

બીબી કહે : “ના.”

મિયાં કહે : “તો અમારો હાથ છોડો. આજ તેનો પત્તો લાગી ગયો. એ છરો ભોંકનાર આ અમારો પાકો ભાઈબંધ ગપ્પીનો બચ્ચો હતો. તેને આખો ને આખો કાપી નાખું. હા, અમે સિપાઈબચ્ચા! ખૂનનો બદલો ખૂન.”



બીબી બોલ્યાં : "ગાંડા થયા છો? પછી તો એ જમાલભાઈને કોઈએ બચાવી લીધેલા. છરાનો ઘા સારો થઈ ગયેલો અને જીવતા પાછા આવેલા."

મિયાં નવાઈથી બોલ્યા : "હેં?"

બીબી કહે : "હા."


મિયાં હસી પડ્યા અને બોલ્યા : "લો. એ તો અમે ભૂલી જ ગયા. સારું થયું ને કે બીબીએ એ અમને કહ્યું. નહીં તો આજ અમે ગપ્પીદાસને કાપી નાખત. લો, હવે દેડકા પેઠે પડી કાં રહ્યા? ઊભા થાઓ. અમને ભેટી પડો. આજે તમે બચી ગયા."

ગપ્પીદાસ બેઠા થયા અને બોલ્યા : "અરે, પણ આ વાત તો અમે ગપ જ હાંકતા હતા. હજી ગપ પૂરેપૂરું જામ્યું નહીં ત્યાં તમે કૂદી પડ્યા."

ત્યાં આવ્યા ભટજી. ભટજીએ વાત સાંભળી.

ભટજી બોલ્યા : "ગપની વાતો ક્યારેક ઉપાધિ કરી મૂકે છે. મોટા મોટા નેતાઓ સારી સારી વાતોનાં બડાં બડાં ગપ હાકે છે. કોઈ ફૂલણજી પોતાની બડાઈ બતાવવા ગપ હાંકે છે, પણ એમાં ફસાઈ જાય છે. પછી મરવાનો વારો આવે છે. માટે ગપ મારવું નહીં અને ગપને સાચું માનવું નહીં. ગપ ઘણી વાર બંધબેસતું થઈ જાય છે તો ઉપાધિ થાય છે."

ગપ્પીદાસ બોલ્યા : "ગપની ખરેખરી મજા જામવા માંડી ત્યાં મિયાં તલવાર લઈને કૂદી આવ્યા."



મિયાં બોલ્યા : "પછી તમારા ગપનું શું થયું?"

ગપ્પીદાસ બોલ્યા : "ગપની વાત એમ ઉઘાડી થઈ જાય પછી એમાં મજા આવે જ નહીં."



બીબી કહે : “હવે ઊંઘવા માંડો. ગપ મારવું નહીં કે ગપ સાંભળવું નહીં એવા સોગન લઈ લો. ગપ હાંકે તેય ઉપાધિમાં અને સાંભળે તેય ઉપાધિમાં પડે.”

આમ ગપાટા હાંક્યા અને બધાં સૂઈ ગયાં.

પછી થયું સવાર.

મિયાં એકદમ જાગી ગયા.

ગપ્પીદાસને જગાડ્યા.

ગપ્પીદાસ જાગી ગયા.

મિયાં ફુસકીએ ગપ્પીદાસનું ગળું બે હાથે દબાવી દીધું. ગળું દબાય એટલે બોલી શકાય નહીં.

ગપ્પીદાસ ગભરાઈ ગયા. તીણી ચીસ પાડી અને મિયાં ફુસકીના બે હાથ પકડી લીધા.

મિયાં કહે : “હવે તમારું ગળું છોડીશ નહીં.”

ગરબડ સાંભળીને અમુબીબી દોડી આવ્યાં.

બૂમ પાડીને મિયાં ફુસકીને કહે છે : “આ શું કરો છો? ગપ્પીદાસનું ગળું કેમ દબાવો છો? તે મરી જશે.”

મિયાં કહે : “હવે તો તેને જીવતો જ ના રહેવા દઉં. ગપની વાત સાચી બની ગઈ છે. ભાઈબંધને ભાઈબંધ છેતરે એ મોટામાં મોટું પાપ ગણાય. એવા પાપી ભાઈબંધને મારવા જ જોઈએ. આ ગપ્પીદાસે એવું પાપ કરેલું છે. હવે તેમને જીવતા ના રહેવા દેવાય. હા, અમે કોણ? બોલો, બોલો, અમે કોણ?”


બીબી કહે : “તમે સિપાઈબચ્ચા! પણ આ ગપ્પીદાસે તમને છેતરેલા નથી.”



મિયાં કહે છે : "અમે અમારી આંખથી જોયું કે આ ગપ્પીદાસે આપણા જમાલભાઈને છેતરી લીધા છે."

અમુબીબીને ભારે નવાઈ લાગી. જમાલભાઈ અને ગપ્પીદાસ તો મળેલા જ નથી. અમુબીબીએ મિયાંનો એક હાથ પકડી લીધો. બીજા હાથે મિયાંના પડખામાં ગલગલિયાં કરી દીધાં. પડખામાં અમુબીબીની આંગળીઓ અડકી કે મિયાંને ગલગલિયાંનું હસવું આવી ગયું. એકદમ ચમક્યા એટલે તેમના હાથ ઢીલા થઈ ગયા. એક હાથ તો અમુબીબીએ પહેલેથી જ પકડી લીધો હતો. એ હાથ જરા ઢીલો થયો કે બીબીએ એ હાથ ખેંચી લીધો.

મિયાંના હાથમાંથી ગપ્પીદાસનું ગળું છૂટી ગયું. મિયાંના હાથમાંથી ગળું છૂટું થયું કે જેમ પીપડું ગબડે એમ ગપ્પીદાસ નીચે ગબડી ગયા. નીચે પડી ગયા પણ બહુ વાગ્યું નહીં.



ગપ્પીદાસનું શરીર અલમસ્ત પાડા જેવું હતું. શરીર પર ઘણી ચરબી હતી તેથી વાગવાની કશી પીડા થઈ નહીં.

ગપ્પીદાસ એકદમ ઊભા થઈ ગયા, પણ 150 કિલોનું ભારવાળું શરીર ઝટ ઊભું થઈ શકે નહીં.

બૂમ પાડીને અમુબીબીને મિયાં કહે છે : "અમારા હાથ છોડી દો. ઝટ લાવો પેલી તલવાર. એ ગપ્પીના બચ્ચાનું માથું કાપી નાખું."

અમુબીબી કહે : "તમારા બેઉ હાથ હું છોડવાની નથી."

મિયાં કહે : "કેમ?"

બીબી કહે : "પહેલાં એ વાત કહો કે ગપ્પીદાસે જમાલભાઈને કેવી રીતે છેતરી લીધા છે?"

મિયાં કહે : "એમાં કહેવાનું બાકી જ નથી. અમે અમારી આંખથી જોયું કે જમાલભાઈની આંગળીમાં સાચા હીરાની

વીંટી હતી એ આ ગપ્પીદાસે કાઢી લીધી અને પોતાની ઘડા જેવી પાઘડીમાં મૂકી દીધી.”

બીબી કહે : “તમે જાતે એવું જોયું છે?”

મિયાં કહે : “અમને સપનું આવે તો અમે જ જોઈએ ને?”

બીબી ચમકી ગયાં.

મિયાંને પૂછે છે : “એટલે? તમને એવું સપનું આવેલું?”

મિયાં કહે : “તો? સપનામાં જ બધું દેખાયું. એ અમારી આંખથી અમે જોતા હતા.”

બીબી ખડખડાટ હસતાં હસતાં કહે : “એવું સપનું તમને આવેલું ને?”

મિયાં કહે : “હા જ તો! એવું સપનામાં દેખાયું કે તરત અમે જાગી ગયા અને પાજી ગપ્પીદાસનું ગળું પકડી લીધું. વાર થઈ જાત તો તે નક્કી ભાગી જાત.”



બીબી કહે : “આવી મૂર્ખાઈની વાત કોઈને કહેશો નહીં. સપનામાં દેખાય એ બધું ખોટું જ હોય. આંખ ઊઘડી જાય એટલે સપનું ઊડી જાય. સપનું તો ખોટું જ હોય એટલુંય તમે સમજતા નથી? નકામા આપણા ગપ્પીદાસનું ગળું પકડીને પલંગ પરથી નીચે ગબડાવી દીધા.”

હીહીહી કરતા હસતા મિયાંએ તાલી પાડી અને એકદમ ગપ્પીદાસને ઊભા કરી દીધા.

પછી બાથમાં પકડીને હસીને કહે : “વાહ રે વાહ! મારા વહાલા ભાઈબંધ ગપ્પીદાસજી! ખરેખર, તમે અમારા પાકા ભાઈબંધ છો! સપનામાંય તમે ખરેખરો તાલ બતાવી દીધો કે એને અમે સાચું માની બેઠા. પેલા અમારા ભટજી કે જે વજનમાંય તમારાથી સો ગ્રામ વધારે હશે તેઓ પણ કદી સપનામાં આવીનેય આવો તાલ નથી કરતા.”

ગપ્પીદાસ તો એવા ગભરાઈ ગયા હતા કે મોઢે પરસેવો વળી ગયો હતો. છતાં મોજથી હસીને કહે : "વાહ મિયાં ફુસકી વાહ! અમે તો ગપ વિનાની કોઈ વાત બોલતા જ નથી અને એ ગપ પણ એવું કે સાંભળનારાને અવળાનું સવળું સમજાવી દે અને એમાંથી ઉપાધિ પણ અવળી થઈ જાય. છતાં અમને આનંદનો આનંદ જ થાય. છતાં આજે તો તમે સપનામાં અમારા ગપનુંય ગળું દબાવી દીધું. વાહ મિયાં વાહ!"

"તો દો તાલી." આમ બોલીને મિયાંએ હાથ લાંબો કરી દીધો.

હો હો હો એમ હેતથી હસતાં હસતાં ગપ્પીદાસે પણ હાથ ઊંચો કરીને મિયાંના હાથ પર તાલી મારી દીધી. અમુબીબી ચિડાઈ ગયાં. મિયાંએ બીબી સામે જોયું.

મિયાં કહે : "લો, તમે બગડેલા તરબૂચમાં ચીરો પડે એવું મોઢું કરીને ઊભાં છો? તમેય થોડું હસો. આપણા ડૉક્ટરો કહે છે કે દિવસમાં એક વાર હસવાથીયે સાજાતાજા રહીએ."

બીબી કહે : "હવે દાતણ કરીને મોઢાં ધુઓ. અમે ભેંસનું તાજું દૂધ લાવીએ."

મિયાં કહે : "હા, એ વાત મજાની. ભેંસ એટલા માટે જ અમે લાવેલા છીએ. હા, અમારા ખુદાતાલાએ એમ નકામી આ ભેંસ મુબારક નથી આપી." દૂધ આવી ગયું. પીધું અને ફરી પાછા ગપ્પીદાસ સાથે મોજમજાની વાતો કરવા બેસી ગયા.

વાત થઈ પૂરી.

